# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૭
# (તારીખઃ ૧૬/૪/૨૦૨૫, બુધવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૭, તારીખઃ ૧૬/૪/૨૦૨૫ને બુધવારના રોજ બપોરે ૪:૦૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**<u>ક્રમ સભ્યશ્રીઓના નામઃ-</u>**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)

૨) ડૉ. કે. એસ. લિખીયા

૩) ડૉ. અલકાબેન મેકવાન

૪) શ્રી રૂષિકેશભાઇ શાહ

૫) શ્રી વિજયસિંહ યુ. ઝાલા

૬) ડૉ.પરેશભાઇ વી. વિરપરીયા

૭) કુલસચિવશ્રી

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**<u>ક્રમ સભ્યશ્રીઓના નામઃ-</u>**

૧) શ્રી કેતનકુમાર પી. પટેલ

૨) શ્રી નીરજકુમાર સિંઘ

૩) શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

૧. **તારીખઃ ૨૯-૩-૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા નંબર : ૬ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધઃ ૧) સભ્યશ્રીઓને તારીખઃ ૨૯-૩-૨૦૨૫ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ **(<u>બિડાણઃ ૧ પૃ. ૧ થી ૫</u>)** તરીકે સામેલ છે.

૨) તારીખઃ ૨૯-૩-૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાઃ૬ માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ **(બિડાણઃ ૧-અ)** તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૯/૩/૨૦૨૫ને શનિવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભાઃ ૬ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

(સિન્ડિકેટ વિભાગ)

૨. મંત્રીશ્રી, આણંદ મર્કન્ટાઈલ સમાજ સેવા ટ્રસ્ટ, આણંદ સંચાલિત આણંદ મર્કન્ટાઈલ કોલેજ ઓફ સાયન્સ, મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજી, આણંદના પત્રાંક નં:૨૦૧/૨૦૨૪-૨૫ તારીખ: ૨૬/૦૩/૨૦૨૫ ના પત્રમાં જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૨૫-૨૬થી **એમ.એસ.સી (આઈ.ટી)** નો સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમ કાયમી ધોરણે બંધ કરવા (De-affiliation) માટે કરેલ સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. **(બિડાણ:૨)**

(યુનિવર્સિટીએ નિયત કરેલ અરજી પત્રકમાં અરજી કરેલ છે તથા સ્થાનિક તપાસ સમિતિના અહેવાલની નકલ **બિડાણ:૨** થી સામેલ છે)

**આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભામાં આણંદ મર્કન્ટાઈલ સમાજ સેવા ટ્રસ્ટ, આણંદ સંચાલિત આણંદ મર્કન્ટાઈલ કોલેજ ઓફ સાયન્સ, મેનેજમેન્ટ એન્ડ કોમ્પ્યુટર ટેકનોલોજી, આણંદ (De-affiliation) અંગેનો સ્થાનિક તપાસ સમિતિનો રીપોર્ટ સ્વીકારે છે અને એક્ઝીક્યુટીવ કાઉન્સિલે સૂચવેલી ભલામણ અનુસાર સદરહુ સંસ્થામાં ચાલતા એમ.એસ.સી (આઈ.ટી) નો અભ્યાસક્રમ સમાપ્ત કરવામાં આવે છે.**

(પરીક્ષા વિભાગ)

**As per Gujarat Public University Act – 2023, ના Act, 17(W) :-**

3. સરદાર પટેલ યુનિર્વસિટીમાં પરીક્ષાલક્ષી કામગીરીનાં મહેનતાણાંમાં વધારો કરવા અધ્યાપકો તરફથી રજુઆત આવેલ, જે બાબત કુલપતિશ્રી દ્વારા નિમાયેલ કમીટીની તારીખ : ૨૨/૦૧/૨૦૨૫ના રોજની કાર્યનોંધ મુજબ પ્રવર્તમાન દરોમાં ૧૫%(પંદર ટકા)નો વધારો કરવા ભલામણ કરવામાં આવેલ હોઈ સદર બાબતને તારીખ : ૨૫-૦૩-૨૦૨૫ના રોજ મળેલ ફાઈનાન્સ એન્ડ એસ્ટબ્લિસમેન્ટ સમિતિમાં ચર્ચા વિચારણા અર્થે મુકેલ છે. સદર બાબતને BOARD OF MANAGEMENT સમક્ષ મંજૂરી અર્થે સાદર રજૂ..
સદર બાબત મંજૂર કરવામાં આવે તો નાણાકીય વર્ષ **૨૦૨૫-૨૬**થી તેનો અમલ કરીએ. **(બિડાણ:3)**

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતને બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભા બહાલી આપે છે..**

**અધ્યક્ષ સ્થાનેથી રજૂ થયેલ બાબત.**

**૧. તારીખ: ૧૬/૪/૨૦૨૫ ના રોજ મળેલ પસંદગી સમિતીએ કરેલ નિમણૂકને તારીખ: ૧૬/૪/૨૦૨૫ની એક્ઝીક્યુટીવ કાઉન્સીલની સભાએ મંજૂર કરેલ ભલામણોને બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભામાં જાણ કરીને બહાલી આપવામાં આવી.**

| | | |
|---|---|---|
| 1. | Director (Computer Center) (Class-I) (Rs.78,800-2,09,200) PML-12 | MRS. KRUPA JIGAR BHAVSAR |
| 2. | Deputy Accountant (Class-II) (Rs.44,900-1,42,400) PML-8 | DR. KAUSHALKUMAR SURYAKANT SUTHAR |

૨. આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૬/૪/૨૦૨૫ની એકઝીકયુટીવ કાઉન્સીલની સભાએ મંજૂર કરેલ ભલામણોને બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભામાં જાણ કરીને બહાલી આપવામાં આવી.

| | | |
|---|---|---|
| 1 | Internal Auditor (Class-III)<br>(Rs.39,900- 1,26,600) PML-7<br>(Fixed Pay of Rs.49,600/- for five years) | JIGARKUMAR MAHEDRABHAI PATEL |
| 2 | Swimming Coach(Class-III)<br>(Rs.25,500-81,100) PML-4<br>(Fixed Pay of Rs.26,000/- for five years) | 1. DIVYANKKUMAR HARSHD BHAI METIYA<br>2. BHUVNESH HITESHBHAI BAPODRA |

કુલસચિવશ્રી

નંબરઃ કે.૧/ બોર્ડ ઓફ મેનેજમેન્ટ/૩૧૩
વલ્લભ વિદ્યાનગર
તારીખ:૧૬/૪/૨૦૨૫

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.